| Innovation ID | DTP0010000002649 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** છાણિયાં ખાતરમાં મીઠું મિશ્ર કરી પાક ઉત્પાદન વધારવું

**Category** પાક ઉત્પાદન

**Notebook Number** lok (૩) ૧, Feb–૧૯૯૮, Pg No. ૬

**Brief** છાણિયા ખાતરમાં મીઠું ઉમેરવાથી પાક ઉત્પાદન વધે અને જીવાત ઓછી આવે છે.

**Detail** સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના ઘનશ્યામગઢ ગામના અંબારામભાઇ તુળશીભાઇ સંઘાણી કહે છે કે, અમારા બાપદાદા પાસેથી જાણ્યું હતું કે , બીજને મીઠાના પાણીનો પટ આપવાથી બીજનો ૧૦૦ ટકા ઉગાવો થાય છે. આ પદ્ધતિ ઉપરથી વિચાર આવ્યો કે ખાતરની સાથે મીઠું ભેળવીને જમીનમાં નાખવાથી પાક ઉત્પાદનમાં ફેર પડે છે. આ વિચારને આધારે અમે અમારા ખેતરમાં પ્રયોગ કર્યો છે. આશરે ૧૦ ગાડી છાણિયા ખાતરમાં ૨૦ થી ૨૫ કિલો મીઠું નાખી બરાબર મિશ્રણ કર્યુ અને જમીનમાં જેઠ–વૈશાખ મહિનામાં નાંખ્યું. જો શકય હોય તો ખાતર ચાસે ભરવામાં આવે તો સારું ચોમાસામાં વાવેલ પાકના ઉત્પાદનનો વધારો જોવા મળ્યો. ખેડૂતનું કહેવું છે કે , આ રીતે મીઠું મિશ્રણ કરેલ ખાતર દરેક પાકમાં આપી શકાય.

અંબારામભાઇએ છાણિયા ખાતર સાથે મીઠું નાખીને કપાસમાં (Gosyopium herbaceum) એક વીઘે ૧૦ મણ જેટલું ઉત્પાદન લીઘું છે. તેઓનું બીજું નિરીક્ષણ એ પણ હતું કે, જે પાકમાં મીઠું મિશ્રણ કરેલ છાણિયું ખાતર નાખવામાં આવેલ તે પાકમાં રોગ–જીવાત ઓછા આવે છે. આ રીતથી આપેલ ખાતરની પાક કે જમીન ઉપર કોઇ આડ અસર થતી નથી.

સામાન્ય પદ્ધતિ હોવાથી પીઆઈસીની જરૂર નથી. – હેમાબેન.
(નોંધ:– ખેડૂતની મુલાકાત થયેલ નથી. – જાલમસિંહ ઝાલા)

**Method of Use** મીઠું, છાણિયું ખાતર

**Caution**

**Benefit**

**Condition**

**Material Used**

**IPR Status**

**Keywords** છાણિયુ, ખાતર, મીઠું, પાક, જીવાત, સુરેન્દ્રનગર

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૯૨ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | દિલીપભાઈ | Middle Name | ડી. | Last Name | કોરડીયા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો. ભુભલી | Taluka | ઘોઘા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૪૫૯ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | જાલમસિંહ | Middle Name | | Last Name | ઝાલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૬૧૮ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | અંબારામભાઈ | Middle Name | તળશીભાઈ | Last Name | સંઘાણી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ધનશ્યામગઢ | Taluka | હળવદ | | |
| District | Surendranagar | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
ઉત્તરદાતાની ઉંમર ૫૪ વર્ષની છે. તેઓ એક પ્રયોગશીલ અને પ્રગતિશીલ ખેડૂત છે. તેમની પાસે વારસાગત જમીન ૨૫ વિઘા છે. બધી જ જમીન પિયત છે.
પરિવારનો પરિચય
પુત્ર મહેશભાઈ અંબાલામભાઈ સંઘાણી. હળવદમાં પ્રાઈવેટ દવાખાનું ખોલેલ છે. જેઓ ડોક્ટર છે. ઉંમર ૩૦ વર્ષ છે.
પુત્ર કિરીટભાઈ સંઘાણી. તેમની ઉંમર ૨૮ વર્ષની છે. જેઓ હાલમાં ખેતી કાર્યમાં મદદ કરાવે છે.
પત્ની કાન્તાબેન સંઘાણીની ઉંમર ૫૨ વર્ષ છે. જેઓ ઘર કામ કરે છે. અને ખેતી કામમાં મદદ કરાવે છે.
ઉત્તરદાતાને ખેતીના વ્યવસાયમાં સંકળાયેલા છે તેથી ખેતીમાં વધારે રસ છે.
તેમના સ્વ. પિતાજી ખેતીના વિષયો સાથે સંકળાયેલા હતા.

ગામનો પરિચય:
ધનશ્યામગઢ ગામ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું છે. હળવદ તાલુકાથી આશરે ૧૫થી ૨૦ કિ.મી દૂર આવેલું છે. આ ગામમાં જવા માટે પ્રાઈવેટ તથા સરકારી બસોની વ્યવસ્થા છે.
ગામમાં કુલ ૩૨૦૦ની વસ્તી ધરાવતાં આ ગામમાં શિક્ષણનું પ્રમાણ ૮૦ ટકા જેટલું છે. ગામમાં પ્રાતમિક સુવિધામાં બાલમંદિર, પ્રાથમિક શાળા, પંચાયત ઘર, સસ્તા અનાજની દુકાન, હાઈસ્કૂલ, કરિયાણાની દુકાન સહકારી મંડળી, દૂધ ડેરી તથા ટેલિફોનની વ્યવસ્થા છે.
અહીંની જમીન પથરાળ અને રેતાળ છે. પાકોમાં કપાસ, બાજરી, દિવેલા, ઘઉં, જીરૂ જેવા પાકો થાય છે. પિયતની સુવિધામાં બોર અને કૂવાની વ્યવસ્થા છે. ગામમાં લીમડો, વડ જેવા ઝાડ વધુ જોવા મળે છે. બાજુના વિસ્તારમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. પટેલની વસ્તી આ ગામમાં વધારે છે.